# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 09-04-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day: WEDNESDAY** **National News**

### આકાશવાણી સમાચાર યશ્વી મહેતા વાંચે છે.

*****************************************************

1) કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં રેલવે અને કૃષિ સિંચાઇ સહિતના અનેક પ્રોજેક્ટને મંજૂરી અપાઈ
2) કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ ખેડૂતોને નવી ટેકનોલોજી શીખવા અને ઉદ્યોગસાહસિક બનવા અનુરોધ કર્યો
3) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સ્લોવાકિયાને ભારત દ્વારા યોજાનાર વેવ્ઝ સમિટમાં ભાગ લેવા આમંત્રણ આપ્યું
4) ડોમિનિકન ગણરાજ્યની રાજધાની સાન્ટો ડોમિંગોમાં નાઈટક્લબની છત ધરાશાયી થતાં 113 લોકોના મોત
5) IPL ક્રિકેટમાં આજે ગુજરાત ટાઈટન્સ અને રાજસ્થાન રૉયલ્સ વચ્ચે અમદાવાદમાં મુકાબલો

.................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.

# CABINET BRIEFING

કેન્દ્ર સરકારે આંધ્રપ્રદેશ અને તમિલનાડુમાં તિરુપતિ-પકાલા-કટપડી સિંગલ રેલવે લાઇન સેક્શનને ડબલ કરવા મંજૂરી આપી છે. આજે નવી દિલ્હીમાં કેબિનેટની બેઠક દરમિયાન લેવાયેલા નિર્ણયો વિશે માહિતી આપતા, માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે આ પ્રોજેક્ટ વેલ્લોર અને તિરુપતિના શૈક્ષણિક અને તબીબી કેન્દ્રો સાથે જોડાણ વધારશે.

(બાઇટ: ASHWINI-VAISHNAV-(PROJECT-COST-AND—BENEFITS)

કેબિનેટે એક હજાર 878 કરોડ રૂપિયાથી વધુના ખર્ચ સાથે છ માર્ગીય ઝીરકપુર બાયપાસને પણ મંજૂરી આપી હતી. તેમણે કહ્યું કે, પંજાબ અને હરિયાણામાં આ બાયપાસની લંબાઈ 19 કિલોમીટરની હશે.

(બાઇટ: ASHVINI-VAISHNAW-(ZIRAKPUR-BYPASS)

કેબિનેટે પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજનાની પેટા-યોજના તરીકે કમાન્ડ એરિયા ડેવલપમેન્ટ અને વોટર મેનેજમેન્ટના આધુનિકીકરણને પણ મંજૂરી આપી, જેનો પ્રારંભિક કુલ ખર્ચ એક હજાર 600 કરોડ રૂપિયા છે. શ્રી વૈષ્ણવે જણાવ્યું કે, 78 પ્રોજેક્ટ્સમાં 80 હજાર ખેડૂતોનો સમાવેશ કરવામાં આવશે. આ યોજનાનો ઉદ્દેશ્ય સિંચાઈ પાણી પુરવઠા નેટવર્કના આધુનિકીકરણનો છે જેથી હાલની નહેરો અથવા અન્ય સ્ત્રોતોમાંથી સિંચાઈનું પાણી નિયુક્ત ક્લસ્ટરમાં પૂરું પાડી શકાય.

. . . . . . . . . . . . . .

# GADKARI- KISAN KUMBH

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ કહ્યું, ગ્રામીણ ભારત પર ધ્યાન કેન્દ્રિત કરીને નીતિઓ બનાવવી જોઈએ, જેથી દેશમાં સ્થળાંતરની સંખ્યા ઘટાડી શકાય. આજે નવી દિલ્હીમાં કિસાન કુંભ 2025ને સંબોધતા શ્રી ગડકરીએ કહ્યું કે, નીતિઓએ ખેડૂતો અને ગ્રામીણ વિસ્તારોના નબળા વર્ગોનું કલ્યાણ સુનિશ્ચિત કરવું જોઈએ. તેમણે કહ્યું કે ખેડૂતો અને સંલગ્ન ક્ષેત્રોનો GDP માં માત્ર 14 ટકા ફાળો છે, અને લોકો શહેરોમાં સ્થળાંતર કરી રહ્યા છે.

પોતાના અનુભવો રજૂ કરતાં શ્રી ગડકરીએ જણાવ્યું, ખેડૂતોએ નવી ટેકનોલોજી શીખવી જોઈએ અને ઉદ્યોગસાહસિક બનવું જોઈએ. શ્રી ગડકરીએ ખેડૂતોને એકબીજા સાથે પોતાના કૌશલ્ય અને અનુભવનું આદાનપ્રદાન કરવા અને ભારતને આત્મનિર્ભર બનાવવામાં યોગદાન આપવા વિનંતી પણ કરી.

. . . . . . . . . . . . . . .

# POSHAN PAKHWADA

મહિલા અને બાળ વિકાસ મંત્રાલય પોષણ જાગૃતિ, આરોગ્ય પરિણામોમાં સુધારો અને સમુદાયોને સશક્ત બનાવવા માટે પોષણ પખવાડિયું 2025ની ઉજવણી કરી રહ્યું છે. આ પહેલ મિશન પોષણના બીજા તબક્કાનો ભાગ છે, જે સમુદાય જોડાણ પ્રક્રિયાઓને મજબૂત બનાવવા અને વ્યક્તિઓ તથા સમગ્ર સમુદાયોના સશક્તિકરણને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે, જીવનના પહેલા એક હજાર દિવસ પર ધ્યાન કેન્દ્રિત કરવું એ હાલના પોષણ પખવાડિયા 2025 ની મુખ્ય થીમ છે, જેમાં ગર્ભધારણથી બે વર્ષ સુધી પોષણના મહત્વ પર ભાર મૂકાયો છે. કુપોષણને દૂર કરવા માટે સરકારની ચાલુ પ્રતિબદ્ધતાના ભાગ રૂપે, મંત્રાલય 8 એપ્રિલથી 22 એપ્રિલ સુધી પોષણ પખવાડિયાની 7મી આવૃત્તિ ઉજવી રહ્યું છે.

. . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## REV PREZ SLOVAKIA VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે બ્રાતિસ્લાવામાં દ્વિપક્ષીય સંબંધો અને વૈશ્વિક તથા પ્રાદેશિક હિતોના મુદ્દાઓ પર સ્લોવાક ગણરાજ્યના રાષ્ટ્રપ્રમુખ પીટર પેલેગ્રિની સાથે દ્વિપક્ષીય બેઠક અને પ્રતિનિધિમંડળ-સ્તરની વાતચીત કરી. ભારત તરફથી પ્રતિનિધિમંડળ-સ્તરની વાતચીત દરમિયાન તેમની સાથે કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયા તેમજ સાંસદ ધવલ પટેલ અને સંધ્યા રે અને વરિષ્ઠ અધિકારીઓ જોડાયા હતા.

રાષ્ટ્રપતિએ દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવા માટે રાષ્ટ્રપ્રમુખ પેલેગ્રિનીની વ્યક્તિગત પ્રતિબદ્ધતા અને પહેલની પ્રશંસા કરી. બંને નેતાઓએ બે સમજૂતી કરાર કર્યા, એક નેશનલ સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડ અને સ્લોવાક બિઝનેસ એજન્સી વચ્ચે સૂક્ષ્મ, લઘુ, મધ્યમ ઉદ્યોગ-MSME ક્ષેત્રમાં સહયોગ પર અને બીજો સુષ્મા સ્વરાજ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફોરેન સર્વિસ અને સ્લોવાક મંત્રાલય ઓફ ફોરેન એન્ડ યુરોપિયન અફેર્સ વચ્ચે સહયોગ પર સમજૂતી કરાર થયા.

રાષ્ટ્રપતિ મુર્મુએ સ્લોવાકિયામાં ભારતીય કલા અને સંસ્કૃતિની વધતી જતી લોકપ્રિયતાની નોંધ લીધી. તેમણે સ્લોવાકિયાને 1 થી 4 મે, 2025 દરમિયાન મુંબઈમાં ભારત દ્વારા આયોજિત આગામી વેવ્ઝ સમિટમાં સક્રિયપણે ભાગ લેવા આમંત્રણ પણ આપ્યું.

. . . . . . . . . . . . . .

## BJP- WAQF PROTEST

ભાજપે વક્ફ સુધારા અધિનિયમ પર જમ્મુ અને કાશ્મીર વિધાનસભામાં થયેલા હોબાળા અને દેશના કેટલાક વિસ્તારોમાં નવા

કાયદા સામે થયેલા વિરોધને દુર્ભાગ્યપૂર્ણ ગણાવ્યો છે. નવી દિલ્હીમાં મીડિયા સાથે વાત કરતા, પક્ષના પ્રવક્તા પ્રેમ શુક્લાએ કહ્યું કે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની સંમતિ પછી વકફ (સુધારા) વિધેયક હવે કાયદો બની ગયું છે અને વિરોધના નામે કેટલાક વિપક્ષ શાસિત રાજ્યોમાં જે રીતે હિંસા કરવામાં આવી રહી છે તે યોગ્ય નથી. તેમણે કહ્યું કે નવા કાયદાને સર્વોચ્ચ અદાલતમાં પડકારવામાં આવ્યો છે અને જો તેમને કોઈ વાંધો હોય તો તેમણે કોર્ટ સમક્ષ પોતાના મંતવ્યો રજૂ કરવા જોઈએ. ભાજપના નેતાએ ઉમેર્યું કે આવા લોકોને બંધારણ અને અદાલતમાં કોઈ વિશ્વાસ નથી.

. . . . . . . . . . . . . .

## GUJ-RAHUL GANDHI-AICC

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પાર્ટીના સંગઠન માળખામાં મહત્વપૂર્ણ ફેરફારની જાહેરાત કરી છે, જેમાં જણાવ્યું છે કે જિલ્લા પ્રમુખોને પાર્ટી સંગઠનનો પાયો બનાવવામાં આવશે. ગુજરાતના અમદાવાદમાં 84મા AICC અધિવેશનને સંબોધતા શ્રી ગાંધીએ કહ્યું કે તેમની પાર્ટીની વિચારધારા બંધારણ પર આધારિત છે, જે બધા માટે સમાનતાની હિમાયત કરે છે. શ્રી ગાંધીએ અનામત પ્રણાલીમાં મોટા સુધારા કરવા વિશે પણ વાત કરી અને જાતિ આધારિત વસ્તી ગણતરી પર ભાર મૂક્યો.

(બાઈટ- રાહુલ ગાંધી)

. . . . . . . . . . . . . .

# DOMINICAN REPUBLIC- ROOF COLLAPSE

ડોમિનિકન ગણરાજ્યની રાજધાની સાન્ટો ડોમિંગોમાં એક નાઈટક્લબની છત ધરાશાયી થતાં 113 લોકોના મોત થયા છે અને 150થી વધુ લોકો ઘાયલ થયા છે. આ ઘટનામાં પ્રાંતીય ગવર્નર અને ભૂતપૂર્વ મેજર લીગ બેઝબોલ પિચર, ઓક્ટાવિયો ડોટેલનું પણ મોત થયું છે. હજુ પણ મૃત્યુઆંક વધવાની શક્યતા છે.

. . . . . . . . . . . . . .

# BIHAR-ACCIDENT

બિહારના બેગુસરાય અને આસપાસના જિલ્લાઓમાં વીજળી પડવાથી આઠ લોકોના મોત થયા અને કેટલાક ઘાયલ થયા છે. સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, બેગુસરાયના બાલિયા, ભગવાનપુર, મટિહાની અને સાહેબપુર કમલ વિસ્તારોમાં પાંચ લોકોના મોત થયાના અહેવાલ છે. જેમાં ચાર લોકો ઘાયલ થયા છે. મધુબનીના ઝાંઝરપુર વિસ્તારમાં ત્રણ લોકોના મોત થયા છે. હવામાન વિભાગે આગામી 24 કલાક દરમિયાન રાજ્યના ઉત્તર-પૂર્વ ભાગોમાં વરસાદ, વાવાઝોડા અને વીજળી પડવાની આગાહી કરી છે.

. . . . . . . . . . . . . .

# IPL AMDAVAD

ઇન્ડિયન પ્રીમિયર લીગ- I.P.L ટી ટ્વેન્ટી ક્રિકેટમાં આજે ગુજરાત ટાઈટન્સ અને રાજસ્થાન રૉયલ્સ વચ્ચે મેચ રમાઇ રહી છે. રાજસ્થાન રૉયલ્સે ટૉસ જીતીને બૉલિંગ પસંદ કરી છે. ગુજરાતની ટીમ શુબમન ગિલ અને રાજસ્થાનની ટીમ સંજુ સેમસનના સુકાની હેઠળ રમી રહી છે.

હાલમાં મળતા અહેવાલ મુજબ, ગુજરાત ટાઈટન્સે 5 ઑવરમાં 1 વિકેટ ગુમાવી 49 રન બનાવ્યા છે.

. . . . . . . . . . . . . .

## PM - THIRU KUMARI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પીઢ નેતા થિરુકુમારી અનંતનના અવસાન પર શોક વ્યક્ત કર્યો છે. એક સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ કહ્યું કે, થિરુકુમારી અનંતનને સમાજ પ્રત્યેની તેમની નોંધપાત્ર સેવા અને તમિલનાડુની પ્રગતિ પ્રત્યેની ભાવના યાદ કરવામાં આવશે. શ્રી મોદીએ કહ્યું કે, તેમણે તમિલ ભાષા અને સંસ્કૃતિને લોકપ્રિય બનાવવા માટે પણ ઘણા પ્રયાસો કર્યા.

દરમિયાન શ્રી મોદીએ પ્રખ્યાત લોક કલાકાર પદ્મશ્રી રામસહાય પાંડેના નિધન પર પણ શોક વ્યક્ત કર્યો. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું કે, અદ્ભુત કળા, સમર્પણ અને સખત મહેનતથી, રામસહાય પાંડેએ બુંદેલખંડના લોકનૃત્ય- રાયને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અપાવી. પ્રધાનમંત્રીએ કહ્યું કે, તેમનું અવસાન દેશના કલા જગત માટે એક અપૂર્ણ નુકસાન છે.

. . . . . . . . . . . . . .